જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૯/૧૦/૨૦૨૫ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૫૨૧/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૭ કેસ કરી, ૪૫ વ્યક્તિઓને ઝડપી, ૨૫૩ લીટર દેશી દારૂ, ૦૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૮૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧૦૦ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૪ કેસ કરી ૦૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૬,૧૨૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૫૨૨/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૯૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૭ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૫૨૩/૨૦૨૫**

કૃષ્ણનગરઃ પૂજાબહેન વા/ઓ અરુણભાઈ પાર્ટે (રહે. આકાશગંગા બંગ્લોઝ સેન્ટમેરી સ્કુલ પાછળ નવા નરોડા) એ તા.૨૮/૧૦/૨૦૨૫ ના રોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૧૦/૨૦૨૫ કલાક ૬/૦૦ વાગ્યા પહેલા પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના–ચાંદીના દાગીના, ચાંદીનાં સિક્કા તથા રોકડ રૂપિયા ૯૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧,૭૬,૧૦૦/–મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.જે.ચાવડા ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૧૫૨૪/૨૦૨૫**

કાગડાપીઠઃ આરતીબહેન વા/ઓ દિપકભાઇ કોઠારી (ઉ.વ.૪૭) (રહે. શ્રી હરી કોમ્પલેક્ષ, હીમાની કોમ્પલેક્ષ સામે, લાડ સોસાયટી, વસ્ત્રાપુર) તા.૧૮/૧૦/૨૫ રાતના ૦૯/૧૫ વાગ્યાના સુમારે ગીતા મંદિર એસ.ટી.બસ સ્ટેન્ડ પ્લેટફોર્મ નંબર–૨૩ ખાતે અમદાવાદથી દાહોદ તરફ જતી એસ.ટી.બસમાં બેસવા બસમાં ચઢતા હતા ત્યારે અજાણી વ્યક્તિએ આરતીબહેન કોઠારીની નજર ચુકવી તેમના થેલામાંથી લેડીઝ પર્સ ચોરી કરી લીધી હતી. જે પર્સમાં સોનાના દાગીના તથા એક એપલ કંપનીની ઘડીયાળ તેમજ રોકડ રૂપિયા ૫૦૦૦/– મળી કુલ રૂપિયા ૧,૬૬,૦૦૦/– મતા હતી. આ અંગેની ફરીયાદ આરતીબહેન કોઠારીએ તા.૨૮/૧૦/૨૦૨૫ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.આર.બલાત ચલાવે છે.

સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ **સમાચાર યાદી નં.૧૫૨૫/૨૦૨૫**

રામોલઃ ધાર્મિકકુમાર કમલકુમાર પટેલ (ઉ.વ.૨૨) (રહે. પ્રણામી બંગ્લોઝ માધવ સ્કુલ રોડ વસ્ત્રાલ) તા.૨૮/૧૦/૨૦૨૫ સવારના ૦૬/૩૦ વાગ્યાના સુમારે શિવાલય સોસાયટી સામેથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે નંબર પ્લેટ વગરના એક બર્ગમેન સ્કુટર ઉપર આવેલ બે પુરૂષ ધાર્મિકકુમાર પટેલના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૮૬,૦૦૦/– ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ધાર્મિકકુમાર પટેલે રામોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.બી.રબારી ચલાવે છે.

પોલીસ ઈન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી